RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 98* Date: 28.01.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## દિલ્લીમાં વાદળો અને વરસાદ, કાશ્મીરમાં હિમવર્ષા, તાપમાન શૂન્યથી નીચે રહેશે

### હિમાચલમાં હિમવર્ષાથી જનજીવન અસ્તવ્યસ્ત ૮૮૯ વીજ ટ્રાન્સફોર્મર ઠપ્પ, અનેક ગામોમાં અંધારપટ



નવીદિલ્હી,તા.૨૭

દિલ્લીમાં આવતા અમુક દિવસો સુધી વાદળો છવાયેલા રહેવાની સંભાવના છે. ભીષણ ઠંડી બાદ હવે ધીમે-ધીમે તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. ગુરુવારે અમુક વિસ્તારોમાં ધૂમ્મસ છવાયેલુ રહ્યુ. વળી, ૨૯ જાન્યુઆરીના રોજ વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. રાજધાનીમાં ગુરુવારે લઘુત્તમ તાપમાન ૧૨.૮ ડિગ્રી નોંધવામાં આવ્યુ હતુ. જે આ મહિનામાં અત્યાર સુધીનુ સર્વાધિક છે. વાદળા છવાયેલા રહેશે, વરસાદની સંભાવના વાદળા છવાયેલા રહેશે, વરસાદની સંભાવના ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ મહત્તમ તાપમાન ૧૭.૩ ડિગ્રી સેલ્સિયસ નોંધવામાં આવ્યુ, જે આ સિઝનના સરેરાશથી પાંચ ડિગ્રી સેલ્સિયસ વધુ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ દિલ્લીમાં આગામી ચાર-પાંચ દિવસ વાદળછાયુ વાતાવરણ રહેવાની શક્યતા છે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે ૨૯ જાન્યુઆરીએ હળવો વરસાદ પડી શકે છે. દિલ્લીમાં આ વખતે શિયાળાની સિઝનમાં હજુ સુધી વરસાદ પડ્યો નથી.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ નવેમ્બર અને ડિસેમ્બરમાં મજબૂત વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના અભાવને કારણે આવુ બન્યુ. ગયા વર્ષે જાન્યુઆરીમાં શહેરમાં ૮૨.૨ મીમી વરસાદ નોંધાયો હતો, જે ૧૯૦૧ બાદથી આ મહિનામાં સૌથી વધુ હતો. મહિલાઓ કરતા પુરુષોએ ભાજપ પર વધુ ભરોસો કર્યો, સર્વેમાં ખુલાસોમહિલાઓ કરતા પુરુષોએ ભાજપ પર વધુ ભરોસો કર્યો, સર્વેમાં ખુલાસો દિલ્લીમાં પ્રદૂષણનુ સ્તર દિલ્લીમાં પ્રદૂષણનુ સ્તર હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર-પશ્ચિમ ભારતને અસર કરતી વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે દિલ્લીમાં વાદળોના આવરણને કારણે લગભગ એક અઠવાડિયા સુધી લઘુત્તમ તાપમાનમાં વધુ ઘટાડો થવાની કોઈ શક્યતા નથી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડના ડેટા મુજબ દિલ્લીમાં એકંદરે એર ક્વૉલિટી ઈન્ડેક્સ ૨૯૭ નોંધાયો હતો. ૦ અને ૫૦ની વચ્ચેનો છઊઁ 'સારુ', ૫૧થી ૧૦૦ વચ્ચે 'સંતોષકારક', ૧૦૧થી ૨૦૦ વચ્ચે 'મધ્યમ', ૨૦૧થી ૩૦૦ વચ્ચે 'ખરાબ', ૩૦૧થી ૪૦૦ વચ્ચે 'ખૂબ ખરાબ' અને ૪૦૧થી ૫૦૦ વચ્ચે 'ગંભીર' માનવામાં આવે છે. સ્કાયમેટ વેધર સર્વિસિસના મહેશ પાલવતે કહ્યું કે આગામી બે દિવસમાં દિલ્લીનુ લઘુત્તમ તાપમાન ઘટી શકે છે. ગુજરાતમાં ઠંડીનુ જોર યથાવત રહેશે, કાશ્મીરના અમુક ભાગોમાં હિમવર્ષા યથાવત કાશ્મીરના અમુક ભાગોમાં હિમવર્ષા યથાવત હવામાન વિભાગના અધિકારીઓએ આ માહિતી આપી કે કાશ્મીરમાં ઘણી જગ્યાએ હિમવર્ષા ચાલુ છે. ખીણમાં વાદળછાયા વાતાવરણને કારણે લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. જોકે ગુલમર્ગમાં લઘુત્તમ તાપમાન શૂન્યથી નીચે રહ્યુ હતુ. કાશ્મીરમાં ખાસ કરીને દક્ષિણ જિલ્લાઓમાં ઘણી જગ્યાએ હળવાથી મધ્યમ હિમવર્ષા નોંધાઈ હતી. હવામાન વિભાગે શુક્રવારે હવામાન સૂકુ રહેવાની આગાહી કરી છે. હિમવર્ષા અને વાદળછાયા આકાશને કારણે ખીણના મોટાભાગના સ્થળોએ લઘુત્તમ તાપમાનમાં વધારો થયો છે. વિભાગના અધિકારીઓએ જણાવ્યુ કે શ્રીનગરમાં લઘુત્તમ તાપમાન ૧.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ, જે અગાઉ કરતા ૦.૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ છે. કાશ્મીર ખીણના પ્રવેશદ્વાર કાઝીગુંડમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૦.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ. વાર્ષિક અમરનાથ યાત્રાના બેઝ કેમ્પ પહેલગામમાં લઘુત્તમ તાપમાન માઈનસ ૨.૪ ડિગ્રી સેલ્સિયસ નોંધાયુ હતુ.દરમિયાન હિમાચલ પ્રદેશમાં બુધવારે પણ વરસાદ અને હિમવર્ષા ચાલુ છે. તાજી હિમવર્ષાના કારણે રાજયભરમાં ઠંડીનું મોજું ફરી વળ્યું છે, જેના કારણે લોકોની પરેશાનીમાં વધારો થયો છે. રાજયમાં ત્રણ રાષ્ટ્રીય ધોરીમાર્ગો સહિત ૨૬૨ રસ્તાઓ બ્લોક છે. રોહતાંગ પાસ નેશનલ હાઈવે -૦૩, જલોડી પાસ નેશનલ હાઈવે ૩૦૫ અને ગ્રાંકુથી લોસર નેશનલ હાઈવે-૫૦૫ સંપૂર્ણ રીતે બ્ લોક છે. લાહૌલ-સ્પીતિ જિલ્લામાં સૌથી વધુ ૧૩૯ રસ્તાઓ પર અવરજવર બંધ છે. ચંબા જિલ્લામાં ૯૨, કાંગડામાં ૨, કુલ્લુમાં ૧૩, મંડીના સેરાજ ઉપ-વિભાગમાં ૩ અને શિમલાના ચૌપાલ અને ડોદરા કવાર ઉપવિભાગમાં ૧૩ રસ્તાઓ બ્લોક કરવામાં આવ્યા હતા. રાજયભરમાં ૮૮૯ વીજ ટ્રાન્સફોર્મર અટવાઇ પડયા છે. અનેક વિસ્તારોમાં અંધારપટ છવાઇ ગયો છે. ચંબા, ડેલહાઉસી, ટીસા, સલુની, ભરમૌર, પાંગી, ભાટીયાટ પેટા વિભાગોમાં ૭૯૩ પાવર ટ્રાન્સફોર્મર ઠપ છે. કિન્નૌરમાં ૧૧ પાવર ટ્રાન્સફોર્મર, લાહૌલ-સ્પીતિમાં ૯૫ પાવર ટ્રાન્સફોર્મર ઠપ છે. જ્યારે ૨૯ પાણી પુરવઠા યોજનાઓ પણ પ્રભાવિત છે. ચંબા જિલ્લામાં ટીસા, સલુની અને ભરમૌર પેટાવિભાગોમાં ૨૭ અને લાહૌલ, ઉદયપુરમાં એક એક પાણી પુરવઠા યોજનાઓ અસરગ્રસ્ત છે.અટલ ટનલ રોહતાંગના ઉત્તર અને દક્ષિણ પોર્ટલ બરફથી ઢંકાયેલા છે. ભારે હિમવર્ષાને કારણે મનાલી-લેહ રોડ પર વાહનવ્યવહાર ઠપ થઇ ગયો છે.

આ કારણે લાહૌલ ખીણનો મનાલી સાથેનો સંપર્ક તૂટી ગયો છે. લાહૌલ-સ્પીતિના ૧૩૯ રસ્તાઓ પર વાહનવ્યવહાર બંધ કરી દેવામાં આવ્યો છે. રોહતાંગ, બરાલાચા, શિંકુલા પાસ અને કુંજમ પાસમાં સતત હિમવર્ષા થઇ રહી છે. આ પાસમાં, ૩૦ થી ૪૦ સેમીની નવેસરથી હિમવર્ષા થઇ છે. અટલ ટનલ રોહતાંગના દક્ષિણ પોર્ટલ પર પણ લગભગ ૨૦ સેમી બરફ પડવાની ધારણા છે. સોલંગનાલા, ધુંડી, કોઠી અને ગુલાબામાં ૧૬ સેમી હિમવર્ષા નોંધાઇ છે.

## મહિલાને ગર્ભ રાખવો છે કે નહીં તેનો નિર્ણય ફક્ત તેજ કરી શકે છે : બોમ્બે હાઇકોર્ટ

### જો મહિલાના ગર્ભમાં રહેલ બાળકને ગંભીર સમસ્યા છે તો તે મહિલા ગર્ભપાત કરાવી શકે છે.

મુંબઇ,તા.૨૭

ગર્ભપાતને લઇ બોમ્બે હાઇકોર્ટે મોટો નિર્ણય સંભળાવ્યો છે.કોર્ટે કહ્યું છે કે કોઇ પણ મહિલાને એ અધિકાર છે કે તે ગર્ભાવસ્થા જારી રાખવા ઇચ્છે છે કે નહીં ગર્ભને જારી રાખવો તે મહિલાનો જ નિર્ણય હશે કોર્ટે અરજીકર્તા મહિલાના પક્ષમાં નિર્ણય સંભળાવતા કહ્યું કે જો મહિલાના ગર્ભમાં રહેલ બાળકને ગંભીર સમસ્યા છે તો તે મહિલા ગર્ભપાત કરાવી શકે છે.

બોમ્બે હાઇકોર્ટના ન્યાયમૂર્તિ ગૌતમ પટેલ અને એસ જી ડિગેની બેંચે પોતાના નિર્ણયમાં મેડિકલ વોર્ડના વિચારને પુરી રીતે નકારી દીધી હકીકતમાં મેડિકલ વોર્ડ તરફથી કહેવામાં આવ્યું હતું કે ભલે જ ભ્રૂણમાં ગંભીર અસામાન્યતાઓ છે પરંતુ તેને ખત્મ કરવું જોઇએ નહીં કારણ કે ગર્ભાવસ્થા લગભગ પોતાના અંતિમ તબક્કામાં છે.

સુનાવણી દરમિયાન કોર્ટે મેડિકલ વોર્ડની આ દલીલને રદ કરતા મહિલાના પક્ષમાં નિર્ણય સંભળાવ્યો. એ યાદ રહે કે મહિલાની સોનોગ્રાફી ટેસ્ટ દરમિયાન ખબર પડી કે ગર્ભમાં રહેલ ભ્રૂણમાં ગંભીર વિકાર છે અને તે શારીરિક તથા માનસિક અક્ષમતાઓની સાથે પેદા થશે ત્યારબાદ જ મહિલાએ ગર્ભપાત કરાવવાની માંગ કરતા હાઇકોર્ટનો દરવાજો ખખડાવ્યો હતો અદાલતે પોતાના આદેશમાં કહ્યું હતું કે ભ્રૂણમાં અસામાન્યનતા જોવા મળી રહી છે તો ગર્ભાવસ્થાની મુદ્દત કોઇ મહત્વપૂર્ણ રાખતો નથી.અરજીકર્તાએ જે નિર્ણય લીધો છે તે સરળ નથી પરંતુ જરૂરી છે.

આ નિર્ણય તેનો છે અને તેનો એકલા જ કરવાનો છે.પસંદગીનો અધિકાર ફકત અરજીકર્તા મહિલાનો છે મેડિકલ વોર્ડને તેનો કોઇ અધિકાર નથી

હાઇકોર્ટે પોતાના નિર્ણયમાં કહ્યું કે ફકત વિલંબના આધાર પર ગર્ભપાત ન કરી જન્મ લેવાના બાળકો જ નહીં પરંતુ તેની માતા ભવિષ્ય પર પણ અસર પાડશે.કોર્ટે કહ્યું કે મેડિકલ વોર્ડના ગર્ભાવસ્થાનો સમય વધુ થવાની દલીલ ફકત અરજીકર્તા અને તેના પતિ પર અસહનીય પિતૃત્વ માટે મજબુત કરવાનો છે આ નિર્ણયને તેમના પર અને તેમના પરિવિાર પર શું અસર પાડશે એ વાતનો અંદાજ પણ લગાવી શકાય તેમ નથી.

## બજેટ પહેલા નાણા મંત્રીએ હલવા સેરેમનીમાં ભાગ લીધો, બે વર્ષ બાદ ફરી શરુ હલવા સેરેમની



નવીદિલ્હી,તા.૨૭

દેશના આમ બજેટ પહેલા એક અઠવાડીયા જેટલો સમય બાકી છે. અને તેને લઇને નાણા મંત્રાલયની તમામ તૈયારી લગભગ પૂરી થઇ ચૂકી છે.

આ વખતે બજટ કોરોના પ્રકોપથી મુક્ત હોશે. જો કે, બજેટ ૨૦૦૨૩-૨૪ પણ ડીજીટલ જ હશે. રોગચાળઆને લીધે બે વર્શથી જે જુની પરંપરા સ્થગીત થઇ ગઇ હતી. તેને પરી શરુ કરવામાં આવી છે. એમાની એક પરંપરા છે હલવા વહેવાની સેરમની.

કોરોના કાળમાં સ્થગિત કરવામાં આવેલ બજેટ રજુ કરતા પહેલા હલવા સેરમની એક વાર ફરી શરુ કરવામાં આવી છે. ૨૬ જાન્યુઆરી ૨૦૨૩ માં નાણા મંત્રી નિર્મલા સિતારમણની હાજરીમા પારંપારીક હલવા સેરમનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. બજેટ દસ્તાવેજની અંતિમ સ્વરુપ આપતા પહેલા મંત્રલાયમાં હલવો વહેચવાની પરંપરા રહી છે .અને નાણાં મંત્રી ખુદ પોતાના હાથે કામ કરે છે. બે વર્ષ બાદ નાણા મત્રી સીતારમણે બજેટ કાર્ય સાથે જોડાયેલા અધિકારીઓની હાજરીમાં હલવો વહેચીને બજેટ ડોક્યુમેન્ટને અંતિમ રૂપ આપે છે.

નાણામત્રાલય દ્વારા શેર કરવામા આવેલ તસવીરમાં નાણામંત્રી અને નાણા રાજ્ય મંત્રી લાલ રંગના કપડાથા ઢંકાઇને ખોલે છે .

અને ફરી નિર્મલા સિતારમણ પોતાના હથોથી ત્યાં હાજર અધિકારીઓને હલવા વહેચે છે. બે વર્ષ બાદ ફરી આ રસ્મ શરુ થયા બાદ તેની ખુશી હર કોઇના ચહેરા પર હતી. હલવા સેરેમનીની તસવીર શેયર કરતા નામા મંત્રાલય તરફથી એ જાહેરાત કરવામાં આવી હતી કે, આ વર્ષે પણ બજેટ પેપર લેસ હશે. એટલે કે, વર્ષ ૨૦૨૩-૨૪નું બજેટ પણ ડિજીટલી રજુ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, દેશમાં કોરોના મહામારીના પ્રકોપ શરુ થયા બાદ નાણામંત્રી વર્ષ ૨૦૨૧-૨૨ મા દેશનું સમાન્ય બજેટ ડિજિટલ રૂપમાં રજુ કર્યુ હતુ.

## વિશ્વાસઘાતથી શિવસેના અને મહારાષ્ટ્ર બંને થયા બદનામ, ઉદ્ધવ ઠાકરેનો મુખ્યમંત્રી શિંદે પર પ્રહાર

મુંબઇ,તા૨૭

શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ મુખ્યપ્રધાન એકનાથ શિંદેના રાજકીય માર્ગદર્શક ગણાતા નેતા સ્વર્ગસ્થ નેતા આનંદ દિઘેની જન્મજયંતિની પૂર્વસંધ્યા પર મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં એક ચિકિત્સા શિવિરનું ઉદ્ઘાટન કર્યુ. આનંદ દિઘેની લોકપ્રિયતાએ થાણેને અવિભાજિત શિવસેના માટે સૌથી સુરક્ષિત સીટ બનાવી દીધી હતી, પરંતુ ગયા વર્ષે જૂનમાં શિંદેના બળવા પછી પ્રદેશમાં પાર્ટીનો મોટાભાગનો ટેકો તેમની (શિંદેની) બાળાસાહેબચી શિવસેનાના ખાતામાં ગયો હતો.

ઉદ્ધવ ઠાકરેની મુલાકાત અને દિઘેની જન્મજયંતિ નિમિત્તે આયોજિત મેડિકલ કેમ્પને થાણે જિલ્લામાં શિવસેનાને ફરીથી એકત્ર કરવાના પ્રયાસ તરીકે જોવામાં આવે છે. તેમને આનંદ મઠમાં દિઘેને પુષ્પાંજલિ અર્પણ કરી. આનંદ મઠ દાયકાઓથી થાણેમાં શિવસેનાની ગતિવિધિઓનો ગઠ રહ્યો છે. આ અવસર પર ગયા વર્ષે જૂનમાં શિવસેનાના શિંદે અને ૩૯ ધારાસભ્યોના બળવો અને મહા વિકાસ અઘાડી સરકારના પતનનો ઉલ્લેખ કરતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે શિવસેના અને મહારાષ્ટ્રને કપટ અને પક્ષપલટાથી બદનામ કરવામાં આવ્યા છે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે ગુરુવારની નાની મુલાકાત અહીંના લોકોના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવા માટે હતી. તેની સાથે જ તેમને વાયદો કર્યો કે તે થાણેના લોકોનું રાજકીય સ્વાસ્થ્યનું ધ્યાન રાખતા જલ્દી જ જનસભાને સંબોધિત કરવા પરત આવશે. તેમણે કહ્યું કે, મને સંતોષ છે કે હાલના પ્રતિકૂળ સંજોગો છતાં શિવસેના તેના લક્ષ્યથી હટી નથી. શિવસેનાના સુપ્રીમો (બાળ ઠાકરે)એ આપણને શીખવ્યું છે કે ૮૦ ટકા સામાજિક કામ છે, માત્ર ૨૦ ટકા રાજકીય કામ છે. સાચા સૈનિકો (શિવસૈનિક) અમારી સાથે છે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જે લોકોએ છોડી દીધું તેઓએ પોતાને વેચવાનું પસંદ કર્યું. તેણે લોકોને પૂછ્યું કે શું તમે જાણો છો કે તેઓ કેટલામાં વેચાયા હતા. તેના પર લોકોએ જવાબ આપ્યો, ૫૦ કરોડ રૂપિયા. તેમણે કહ્યું કે જમ્મુ અને કાશ્મીરમાં રાહુલ ગાંધીના નેતૃત્વવાળી ભારત જોડો યાત્રા દરમિયાન પણ ૫૦ કરોડ રૂપિયાનું આ સ્લોગન સાંભળી શકાય છે અને દાવો કર્યો હતો કે તેનો વીડિયો તેમને પાર્ટીના રાજ્યસભાના સભ્ય સંજય રાઉતે બતાવ્યો હતો.

## રાજસ્થાનમાં ભાજપ ત્રણ તૃત્યાંશ બહુમતિથી સરકાર બનાવશે : ભાજપ અધ્યક્ષ જે પી નડ્ડા

જયપુર,તા.૨૭

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડાએ દાવો કર્યો છે કે રાજસ્થાનમાં આ વર્ષના અંતે યોજાનાર વિધાનસભા ચુંટણીમાં જીત હાંસલ કરી તેમની પાર્ટી ત્રણ તૃત્યાંશ બહુમતિની સાથે સરકાર બનાવશે.તેમણે દાવો કર્યો છે કે ભાજપ એકમાત્ર રાષ્ટ્રીય પાર્ટી છે.જયારે બાકી તમામ પાર્ટી ફેમિલી પાર્ટી(પરિવારવાળી પાર્ટી) બની રહી ગઇ છે.ભાજપ રાજસ્થાન પ્રદેશ કાર્ય સમિતિ બેઠકને સંબોધિત કરતા નડ્ડાએ આ વાત કરી છે.

તેમણે કહ્યું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના કુશલ નેતૃત્વમાં ૨૦૨૩માં રાજસ્થાનમાં ભાજપની ત્રણ તૃત્યાંશ બહુમતની સરકાર બનશે અને વારંવાર ભાજપની સરકાર બનશે.પાર્ટી દ્વારા દ્વારા જારી નિવેદન અનુસાર નડ્ડાએ પોતાના સંબોધનમાં કહેવામાં આવ્યું છે કે ભાજપ એકમાત્ર રાષ્ટ્રીય પાર્ટી છે.બાકી તમામ પાર્ટી ફેમિલી પાર્ટી બની રહી ગઇ છે.એક ફેમિલીની પાર્ટીના રૂપમાં કોંગ્રેસની ઓળખ બની ચુકી છે.ક્ષેત્રીય પાર્ટી પણ ફેમિલી પાર્ટી બની રહી ગઇ છે.

નડ્ડાએ કહ્યું કે કોંગ્રેસની અશોક ગહલોત સરકારના શાસનમાં રાજસ્થાનના ખરાબ સ્થિતિ બની છે જેમાં મહિલા અપરાધ દલિત સાઇબર અપરાધનો ગ્રાફ તેજીથી વધી રહ્યો છે.વિજળી,પેટ્રોલ ડીઝલના ભાવમાં પણ કોંગ્રેસ સરકારના શાસનમાં સતત વધારાથી પ્રદેશની પ્રજા સામાન્ય નાગરિક પરેશાન છે.તેમણે કહ્યું કે અમે ફક્ત રાજનીતિક સંગઠન જ નહીં પરંતુ માનવીય પાસાની સાથે સામાજિક કાર્યો માટે પણ કામ કરનારી પાર્ટી છે અને પાર્ટીના સામાજિક પાસાને સમગ્ર ભારતવર્ષ અને પુરી દુનિયાએ કોરોના કાળમાં જોયા.

## મહારાષ્ટ્રના વાતાવરણમાં અચાનક પલટો, કોઈ જગ્યાએ વધી ઠંડી તો કોઈ જગ્યાએ વરસાદની આગાહી

મુંબઇ,તા.૨૭

મહારાષ્ટ્રમાં ફરી એક વખત વાતાવરણમાં પલટો આવ્યો છે. ઘણા વિસ્તારમાં ફરી ઠંડીમાં વધારો થયો છે. ત્યારે ૨૯ જાન્યુઆરીથી ઠંડીમાં વધારો થવાની શક્યતા છે. બીજી તરફ હવામાનના નિષ્ણાંતોએ પશ્ચિમી વિદર્ભના ઘણા વિસ્તારોમાં વરસાદની આગાહી વ્યક્ત કરી છે. ખાસ કરીને અકોલા જિલ્લામાં છેલ્લા ૨ દિવસથી વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. બુધવાર એટલે કે ૨૫ જાન્યુઆરીની સાંજથી વાદળછાયુ છે. ઘણા વિસ્તારોમાં વરસાદ વરસ્યો છે. બુધવારે સાંજે ૫ વાગ્યે અકોલાના ઘણા વિસ્તારમાં વરસાદ વરસ્યો છે.

હવામાન જાણકારો મુજબ અફઘાનિસ્તાનની પાસે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થયું છે. આ કારણે રાજસ્થાન પર ૧.૫ કિલોમીટરની ઉંચાઈથી ઝડપી પવન ફૂંકાઈ રહ્યો છે. સાથે જ ઉત્તર પૂર્વ અરબ સાગરમાં દક્ષિણી પશ્ચિમી ઉત્તર પ્રદેશ સુધી લો પ્રેશરની સ્થિતિ યથાવત છે.

તમિલનાડુમાં ૯૦૦ મીટરની ઉંચાઈથી જોરદાર ચક્રવાતી પવનો ફૂંકાઈ રહ્યા છે. આ કારણે ૨૯થી ૩૧ જાન્યુઆરી દરમિયાન મધ્ય ભારતના ઘણા વિસ્તારોમાં વરસાદની આગાહી છે. તેની અસરથી મહારાષ્ટ્રમાં પશ્ચિમી વિદર્ભના અમરાવતી, અકોલા, બુલઢાણા અને વાશિમ જિલ્લામાં સામાન્ય વરસાદ થઈ શકે છે.



**૭૪મો પ્રજાસત્તાક દિવસ**

**મહાત્મા ગાંધીશ્રમ સંસ્થાન ખાતેધ્વજવંદન કાર્યક્રમ યોજાયો**

**શ્રમ અને રોજગાર વિભાગના સચિવ અને સંસ્થાનના મહાનિયામક શ્રીમતી અંજુશર્માના હસ્તે કરાયું ધ્વજવંદન**

# અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ લોયોલા હોલમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના પરીક્ષા પે ચર્ચા-૨૦૨૩ કાર્યક્રમનું ઓનલાઈન પ્રસારણ

**સહકાર, ઉદ્યોગ અને નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા અને રાજ્યસભા સાંસદ શ્રી નરહરિ અમીનની વિશેષ ઉપસ્થિતિ**

**વડાપ્રધાનના વિદ્યાર્થીઓ સાથે સંવાદના નવતર પ્રયોગથી વિદ્યાર્થીઓને ખૂબ પ્રોત્સાહન મળી રહ્યું છે- શ્રી જગદીશ પંચાલ**

**કાર્યક્રમ માટે ભારત અને અન્ય ૧૫૦ દેશોમાંથી ૩૮ લાખ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન, કુલ ૨૦ લાખથી વધુ પ્રશ્નોમાંથી ૧૧ જેટલા પ્રશ્નોનું ચયન કરી પુછાયા**

**અમદાવાદમાંથી ૧ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં ઓનલાઈન માધ્યમથી જોડાયા**



વિદ્યાર્થીઓમાં પરીક્ષાના ડર ને દૂર કરવા અને શ્રેષ્ઠ પ્રદર્શન માટે પ્રોત્સાહન પૂરું પાડવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ‘પરીક્ષા પે ચર્ચા‘ શીર્ષક હેઠળ વિદ્યાર્થીઓ સાથે સાહજિક સંવાદ કરવાની અનોખી પહેલ કરી છે. પરીક્ષા પે ચર્ચાનું છઠ્ઠુ સંસ્કરણ ૨૭ જાન્યુઆરી, ૨૦૨૩ શુક્રવારના રોજ દિલ્હી સ્થિત તાલકટોરા સ્ટેડિયમમાં આયોજિત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ માટે ભારત અને અન્ય ૧૫૦ દેશોમાંથી ૩૮ લાખ વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન કરાયું હતું. તેઓના કુલ ૨૦ લાખથી વધુ પ્રશ્નોમાંથી ૧૧ જેટલા પ્રશ્નોનું ચયન કરી સંયુક્તરૂપે વડાપ્રધાનશ્રીને પૂછવામાં આવ્યા હતા.

‘પરીક્ષા પે ચર્ચા‘માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને મદુરાઈ, પટના, રાયપુર, કોણાર્ક, ગુરુગ્રામ, અમદાવાદ, બેંગ્લોર, દિલ્હી, હૈદરાબાદ સહિત દેશના ખૂણે-ખૂણેથી જોડાયેલા વિદ્યાર્થીઓએ અભ્યાસમાં એકાગ્રતા, પરિવાર અને સમાજનું અભ્યાસ અંગે દબાણ, વિષયોની તૈયારીઓ માટે સમયનું આયોજન, પરીક્ષામાં ચોરી અને ખોટી પ્રેક્ટિસથી દુર કઈ રીતે રહેવું, નકારાત્મકતાનો સામનો કેમ કરી શકાય, સોશિયલ મીડિયાના વધુ પડતા ઉપયોગ વચ્ચે અભ્યાસ, અથાક પરિશ્રમ કરવા છતાં પરિણામ ન મળવું, એકથી વધુ ભાષાઓ કેવી રીતે અને શા માટે શીખવી વગેરે રસપ્રદ સવાલો પૂછ્યા હતા. વડાપ્રધાનશ્રીએ આ પ્રશ્નોના ખુલ્લા મને જવાબ આપ્યા હતા. આ ઉપરાંત કેટલાક શિક્ષકોની મૂંઝવણ પણ વડાપ્રધાનશ્રીએ દૂર કરી હતી.

વડાપ્રધાનશ્રીએ પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમમાં દેશભરના છાત્રોને એવી શીખ આપી હતી કે, વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો બોજ વધી રહ્યો છે, ત્યારે આ બોજને હળવો કરવા વાલીઓએ પણ આ બાબતને જીવનનો સહજ હિસ્સો બનાવવો જોઈએ. જેથી જીવન ઉત્સવ અને ઉમંગપૂર્ણ બનશે તથા વિદ્યાર્થીને ઉત્કર્ષ તરફ લઈ જશે. તેમણે કોઈપણ જાતના તણાવ, ચિંતા કે ભય રાખ્યા વિના પરીક્ષા આપવી જોઈએ તેવી હિમાયત વિદ્યાર્થીઓ સાથેના આ સંવાદમાં કરી હતી. છાત્રોએ તેમની ભાવિ કારકીર્દી પ્રત્યે અત્યારથી જ સજાગ થઇ તૈયારીઓ કરવી જોઈએ તેવો વિચાર પણ વડાપ્રધાનશ્રીએ આપ્યો હતો.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે દરેક વાલીએ પોતાના બાળકોનું સાચું મૂલ્યાંકન કરી તેની ક્ષમતાને ઓળખવી જોઈએ. એટલું જ નહિ, છાત્રોને સ્માર્ટ હાર્ડ વર્ક કરવાની શીખ આપી અઠવાડિયામાં એક દિવસ ટેક્નોલોજીથી અલિપ્ત રહેવાનો અનુરોધ વડાપ્રધાનશ્રીએ કર્યો હતો.

અમદાવાદના નારણપુરા વિસ્તારમાં આવેલા સેન્ટ ઝેવિયર્સના લોયોલા હોલ ખાતે ‘પરીક્ષા પે ચર્ચા‘નું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતુ. અહીં વિદ્યાર્થીઓની સાથે રાજ્ય સરકારના સહકાર, ઉદ્યોગ અને નાગરિક ઉડ્ડયન રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ પણ વિદ્યાર્થીઓ સાથે બેસીને સમગ્ર કાર્યક્રમ માણ્યો હતો. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ શ્રી જગદીશ વિશ્વકર્માએ પ્રધાનમંત્રીશ્રીની આ પહેલની પ્રશંશા કરતા કહ્યું હતું કે, વડાપ્રધાનના વિદ્યાર્થીઓ સાથે સંવાદનો આ નવતર પ્રયોગ વિદ્યાર્થીઓ માટે મોટું પ્રોત્સાહન છે. કોઈ દેશના પ્રધાનમંત્રી વિદ્યાર્થીઓ સાથે આવો સાહજિક સંવાદ કરે એવું અગાઉ ક્યારેય જોયું નથી. આ સંવાદથી વિદ્યાર્થીઓની સાથે વાલીઓ અને શિક્ષકોને પણ ફાયદો થયો છે. એમ તેમણે ઉમેર્યું હતું.

ઉલ્લેખનીય છે કે સમગ્ર અમદાવાદ જિલ્લાના અલગ-અલગ સ્થળો પરથી ધોરણ ૯થી ૧૨ના એક લાખ જેટલા વિદ્યાર્થીઓએ પ્રધાનમંત્રીશ્રીના વિદ્યાર્થીઓ સાથેના સંવાદને ઓનલાઈન નિહાળ્યો હતો. ત્યારે સેન્ટ ઝેવિયર્સ લાયોલા હોલ ખાતે રાજયસભા સાંસદ શ્રી નરહરિ અમીન, અમદાવાદ જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી રોહિતભાઈ ચૌધરી, સેન્ટ ઝેવિયર્સના આચાર્ય, શિક્ષકો અને ધોરણ ૯થી ૧૨ના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અંતે ‘પરીક્ષા પે ચર્ચા‘ કાર્યક્રમથી પરીક્ષા માટે એક અલગ જ પ્રકારની સજ્જતા કેળવાઈ હોવાનું વિદ્યાર્થીઓને અનુભવાયું.

-વિવેક, પ્રાદેશિક માહિતી કચેરી- અમદાવાદ

# પ્રજાસત્તાક દિવસની પરેડમાં ખુરશીને લઇને બાખડ્યા પૂર્વ મંત્રી અને મંત્રી



લખનૌ,તા.૨૭

લખનૌ વિધાનસભામાં ૨૬ જાન્યુઆરીની પરેડ દરમિયાન ખુરશી પર બેસવાની હોડનો પૂર્વ મંત્રી અને હાલના મંત્રીનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયોમાં પૂર્વ મંત્રી મોહસિન રઝાએ ખુરશી પર બેસવા માટે હાલના લઘુમતી કલ્યાણ મંત્રી દાનિશ આઝાદ અન્સારી સાથે તોછડી હરકત કરી દીધી. તેમને બીજી ખુરશી પર બેસવા કહેતા જોવા મળ્યા. મોહસિન રઝા આ દરમિયાન દાનિશ આઝાદ અન્સારીને હટાવાતા નજરે પણ પડ્યા હતા. જો કે, બંનેએ માન્યું કે કન્ફ્યૂઝન થઇ ગયું હતું અને કેમારા પર બોલવાની ના પાડી દીધી. પરંતુ આ ઘટના દરમિયાન દાનિશ અન્સારીના ચહેરા પર અજીબો-ગરીબ ભાવ સ્પષ્ટ જોઇ શકાય છે. ઉલ્લેખનીય છે કે, પૂર્વ મંત્રી મોહસિન રઝા મંત્રીને હટાવીને દાનિશ આઝાદ અન્સારીને લઘુમતી કલ્યાણ મંત્રીનું પદ આપવામાં આવ્યું છે. દાનિશ અન્સારી પસમંદાના મુસ્લિમ સમજમાંથી આવે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈને બધા કદાવર મંત્રી પસમંદા મુસ્લિમોને સાધવામાં લાગ્યા છે. એવામાં આ સમય દાનિશ અન્સારીનું કદ વધેલું છે.

પૂર્વ મંત્રી મોહસિન રાઝા મુજબ, આ દરમિયાન નાયબ મુખ્યમંત્રી બ્રજેશ પાઠક સાથે વાત કરી રહ્યા હતા. તેમની સાથે વાત કરવાના કારણે અમે તેમની પાસે બેસી ગયા હતા. એ સિવાય બીજો ત્યાં કોઇ એવો પ્રોટોકોલ નહોતો. ઉતાવળમાં એ થયું, દાનિશ પણ આ વાતથી સહમત હતા, તો તેઓ બાજુવાળી સીટ પર બેસી ગયા. લઘુમતી રાજ્ય કલ્યાણ મંત્રી દાનિશ આઝાદે કહ્યું કે, અમારે ત્યાં બેસવાનું હતું, પરંતુ કદાચ કોઇ કન્ફ્યૂઝન થયું. પ્રોટોકોલ હોય છે, એ જ સમજીને બેસી રહ્યો હતો. પરંતુ મોહસિન રઝાએ કહ્યું કે, તમે પેલી બાજુ બેસી જાઓ, મારે અહીં બેસવું છે. તો હું બેસી ગયો.

મોહસિન રઝાનો આ વીડિયો સામે આવતા જ રાજકીય ગલિયારામાં ચર્ચા છે કે લઘુમતી મંત્રીનું પદ હાથમાંથી ગયા બાદ મોહસિન રઝા, દાનિશ આઝાદથી નારાજ છે. જે મંચ પર દેખાઇ ગયું.

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સુરક્ષામાં મોટી ખામી સામે આવી, અચાનક માથા પર કંઈક ઉડતું જોઈ મુખ્યમંત્રી પણ ચોંક્યા!

વડોદરા,તા.૨૭

તા.૨૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ વહેલી સવારે વડોદરાના પ્રવાસે હતા. તે સમયે તેમની સુરક્ષામાં મોટી ચુક સામે આવી. અને આ પ્રકારની ખામી જોઈને બે ઘડી માટે ખુદ સીએમ ભૂપેન્દ્ર પટેલ પણ ડગાઈ ગયા હતા. આ ઘટના બાદ પોલીસ તંત્રની કામગીરી સામે સવાલો ઉભા થયા હતાં. આજે સીએમ ભૂપેન્દ્ર પટેલ વડોદરા જિલ્લાની મુલાકાતે હતાં. જ્યાં તેઓ એક કાર્યક્રમમાં હાજરી આપવાના હતાં. એ સમયે સુરક્ષામાં મોટી ખામી સામે આવી.

પોલીસના ચુસ્ત બંદોબસ્ત વચ્ચે મુખ્યમંત્રીની સુરક્ષામાં ચૂક સામે આવતા એકદમથી ઉચ્ચ અધિકારીઓ પણ દોડતા થયા હતાં. મહત્ત્વનું છેકે, કોઈપણ પ્રકારે ડ્રોન ઉડાડવા માટે પોલીસની પરવાનગી લેવાની હોય છે. પોલીસ પરવાનગી વિના ડ્રોન ઉડાડવું એ એક ગુનો બને છે. એમાંય જ્યારે સીએમ જેવી મહત્ત્વની વ્યક્તિ કોઈ સ્થળની મુલાકાતે હોય ત્યારે ત્યાં આ પ્રકારે તેમની નજીક ડ્રોન ઉડાડવું એક સુરક્ષામાં મોટી ખામી છે. તેથી ગૃહ વિભાગ દ્વારા આની તપાસ પણ કરવામાં આવશે.વડોદરા જિલ્લામાં આવેલાં કમાટીબાગ ખાતે બાળ મેળાનો કાર્યક્રમ યોજાયો હતો.

## ભારતીય ક્રિકેટર અક્ષર પટેલે મેહા પટેલ સાથે લગ્ન કર્યા



વડોદરા,તા.૨૭

ભારતીય ટીમનો ઓલરાઉન્ડર અક્ષર પટેલ વરરાજા બની ગયો છે. તેના સાથી ખેલાડી કેએલ રાહુલે ૨૩ જાન્યુઆરીએ લગ્ન કર્યા હતા. અક્ષર પટેલની પત્નીનું નામ મેહા પટેલ છે. આજે અક્ષર અને મેહાના લગ્ન વડોદરામાં થયા છે. તેના ફોટા અને વીડિયો સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ રહ્યા છે. આ લગ્ન માટે અક્ષરે ન્યૂઝીલેન્ડ સામેની શ્રેણીમાંથી આરામ લીધો હતો.

અક્ષર પટેલ પોતાની દુલ્હનને લેવા માટે વાજતે-ગાજતે વડોદરા જાન લઈને પહોંચ્યો હતો. અહીં લોકોએ ડાન્સ કરીને ધૂમ મચાવી હતી. અક્ષર પટેલના લગ્નમાં હાજરી આપવા મોહમ્મદ કેફ પણ આવ્યા હતા.

ભારતીય ટીમ હાલમાં ન્યુઝીલેન્ડ સામે ટી૨૦ સીરીઝ રમી રહી છે. જેના કારણે ખેલાડીઓ અક્ષરના લગ્નમાં જઈ શક્યા ન હતા. પરંતુ આરામ કરી રહેલા ખેલાડીઓ ત્યાં પહોંચી ગયા હતા. જેમાં જયદેવ ઉનડકટનું નામ પણ સામેલ છે.હલદીની સેરેમની દરમિયાન અક્ષર પટેલ અને મેહાએ પણ ડાન્સ કર્યો હતો. બુધવારે આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. તેના ડાન્સનો વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે.અક્ષર પટેલ અને તેની ગર્લફ્રેન્ડ મેહાએ ગયા વર્ષે ૨૦ જાન્યુઆરીએ સગાઈ કરી હતી. રિપોર્ટ્સ અનુસાર બંને લાંબા સમયથી એકબીજાને ડેટ કરી રહ્યા હતા. રિપોર્ટ પ્રમાણે મેહા પટેલ એક આહાર અને પોષણ નિષ્ણાંત છે. મેહા સોશિયલ મીડિયા પર એક્ટિવ જોવા મળે છે. તે હંમેશા ઈન્સ્ટાગ્રામ પર પોતાની તસવીરો શેર કરતી રહે છે. આ સિવાય તે અક્ષર પટેલ સાથેની તસવીરો પણ શેર કરતી હોય છે. તેના ઈન્સ્ટાગ્રામ પર ૨૧ હજારથી વધુ ફોલોઅર છે.

ઉલ્લેખનીય છે કે ગર્લફ્રેન્ડ મેહા પટેલના હાથ પર અક્ષર પટેલના નામનું એક ટેટૂ પણ છે. અક્ષર પટેલે મેહાને પોતાના ૨૮માં જન્મદિવસ દરમિયાન પ્રપોઝ કર્યું હતું. આ દરમિયાન બંનેએ એકબીજાને વીંટી પહેરાવી અને સગાઈ કરી હતી.

# સોનાના વાયદાના ભાવમાં રૂ.૪૧૬ અને ચાંદીમાં રૂ.૩૧૭ની વૃદ્ધિઃ ક્રૂડ તેલમાં નરમાઈ

**નેચરલ ગેસ, મેન્થા તેલના વાયદાઓમાં ઘટાડોઃ સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદાઓમાં રૂ.૮૭,૫૫૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૧,૦૫,૧૭૫ કરોડનું ટર્નઓવરઃ બુલડેક્સ વાયદામાં રૂ.૩૪૪ કરોડનાં કામકાજ**




મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં ૨૦ થી ૨૫ જાન્યુઆરીના સપ્તાહ દરમિયાન ૨૬,૭૭,૨૫૩ સોદાઓમાં કુલ રૂ.૧,૯૩,૦૭૨.૭૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૮૭,૫૫૪.૧૫ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૧,૦૫,૧૭૪.૫ કરોડનો હતો.

સમીક્ષા હેઠળના સપ્તાહ દરમિયાન, કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૮,૩૯,૨૩૯ સોદાઓમાં કુલ રૂ.૫૨,૦૫૪.૧૦ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૫૬,૬૪૧ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૫૭,૧૨૫ અને નીચામાં રૂ.૫૬,૫૧૪ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૪૧૬ વધી રૂ.૫૬,૯૬૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૫૯૧ વધી રૂ.૪૫,૮૦૦ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૯૭ વધી રૂ.૫,૬૫૬ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૬,૫૪૦ના ભાવે ખૂલી, રૂ.૪૨૨ વધી રૂ.૫૬,૮૬૫ના સ્તરે પહોંચ્યો હતો.ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સપ્તાહના પ્રારંભે રૂ.૬૮,૬૫૪ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬૯,૧૪૪ અને નીચામાં રૂ.૬૬,૭૬૯ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે રૂ.૩૧૭ વધી રૂ.૬૮,૬૭૬ ના સ્તરે બંધ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૮૦ વધી રૂ.૬૮,૭૦૯ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨૮૯ વધી રૂ.૬૮,૬૯૬ બંધ થયો હતો.બિનલોહ ધાતુઓના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૮૬,૧૦૪ સોદાઓમાં રૂ.૧૪,૮૮૧.૨૮ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૬.૨૦ વધી રૂ.૨૨૬.૩૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૫.૩૦ વધી રૂ.૩૦૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૭.૬૦ વધી રૂ.૭૯૨.૮૦ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨.૫૫ ઘટી રૂ.૧૮૬ના ભાવ થયા હતા.એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન ૪,૨૪,૨૮૨ સોદાઓમાં કુલ રૂ.૨૦,૫૫૩.૦૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ફેબ્રુઆરી વાયદો સપ્તાહના પ્રારંભે રૂ.૬,૫૮૮ના ભાવે ખૂલી, સપ્તાહ દરમિયાન ઈન્ટ્રા-ડેમાં ઉપરમાં રૂ.૬,૭૩૫ અને નીચામાં રૂ.૬,૫૦૨ ના મથાળે અથડાઈ, સપ્તાહનાં અંતે ૧ બેરલદીઠ રૂ.૪૫ ઘટી રૂ.૬,૫૩૩ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮.૫૦ ઘટી રૂ.૨૫૦.૩૦ બંધ થયો હતો.કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં સપ્તાહ દરમિયાન એમસીએક્સ ખાતે ૧,૪૮૯ સોદાઓમાં રૂ.૬૫.૭૫ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨૧.૬૦ ઘટી રૂ.૯૯૭.૪૦ થયો હતો.કામકાજની દૃષ્ટિએ સપ્તાહ દરમિયાન એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૨૧,૭૩૭.૧૦ કરોડનાં ૩૮,૧૮૧.૧૨૫ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૩૦,૩૧૭.૦૦ કરોડનાં ૪,૪૩૪.૩૧૫ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૬,૮૪૧.૪૭ કરોડનાં ૧,૦૩,૩૮,૧૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧૩,૭૧૨ કરોડનાં ૫૧,૭૫,૨૨,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૬૫.૭૫ કરોડનાં ૬૪૭.૨૮ ટનના વેપાર થયા હતા.ઓપન ઈન્ટરેસ્ટ સપ્તાહના અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૨૩,૪૧૦.૫૧૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૬૨.૯૦૬ ટન, ક્રૂડ તેલમાં ૫,૪૬,૬૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૪,૯૯,૭૫,૦૦૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૪૪.૨૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર સપ્તાહ દરમિયાન બુલડેક્સ વાયદામાં રૂ.૩૪૪.૧૪ કરોડનાં ૪,૩૮૫ લોટ્સ ના વેપાર થયા હતા.

બુલડેક્સ ફેબ્રુઆરી વાયદો ૧૫,૬૮૦ના સ્તરે ખૂલી, ૧૨૧ પોઈન્ટ વધી ૧૫,૭૪૮ના સ્તરે હતો.ઓપ્શન્સની વાત કરીએ તો, સપ્તાહ દરમિયાન કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૧,૦૫,૧૭૪.૫૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૯,૫૮૪.૪૭ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૯૪૪.૧૩ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૫,૪૬૧.૭૬ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૮,૧૭૯.૪૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

## ગુજરાતમાં ઠંડીનુ જોર યથાવત, હવામાન વિભાગે માવઠાની આગાહી કરવામાં આવી



અમદાવાદ,તા.૨૭

ગુજરાતમાં આગામી ૨૪ કલાક દરમિયાન ઠંડીનુ જોર યથાવત રહેશે. ઠંડીના આ પ્રકોપ દરમિયાન હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગે ઉત્તર ગુજરાતમાં ૨૮ જાન્યુઆરીએ વરસાદની આગાહી કરી છે. જેમાં બનાસકાંઠા, પાટણ અને અરવલ્લી જિલ્લામાં વરસાદની સંભવના વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે રાજયમાં ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે રાજ્યમાં હાલમાં ઉત્તર-પૂર્વના પવનો ફૂંકાઈ રહ્યા છે. કડકડતી ઠંડીથી હવે રાહત મળે તેની સહુ કોઈ રાહ જોઈ રહ્યા છે.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ સક્રિય થશે. જેના અસર રાજયના વાતાવરણ પર જોવા મળશે. ૨૭ અને ૨૯ જાન્યુઆરી દરમિયાન તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો વધારો થઈ શકે છે. જેના કારણે ઠંડી ઓછી થશે. મધ્ય ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૧૭થી ૧૮ ડિગ્રી રહેશે. અમદાવાદમાં પણ લઘુત્તમ તાપમાન ૧૮ ડિગ્રી આસપાસ રહેશે. દક્ષિણ ગુજરાતમાં લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી આસપાસ રહેશે. સૌરાષ્ટ્રમાં ઠંડી ઘટશે પરંતુ રાતે ઠંડી યથાવત રહેશે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ૨૭થી ૨૯ જાન્યુઆરી દરમિયાન પંચમહાલ, વડોદરાના ભાગો, મધ્ય અને ઉત્તર ગુજરાતમાં માવઠાની સંભાવનાઓ રહેશે. અમદાવાદમાં પણ માવઠાની અસર જોવા મળશે. અમદાવાદમાં વાદળછાયા વાતાવરણ સાથે અમુક જગ્યાએ વરસાદના છાંટા પડી શકે છે. જવાબદાર માવઠાની આગાહીથી ખેડૂતો ચિંતામાં માવઠાની આગાહીથી ખેડૂતો ચિંતામાં માવઠાની આગાહીથી ગુજરાતમાં ખેડૂતોની ચિંતામાં વધારો થઈ ગયો છે.

કૃષિ વિશેષજ્ઞોના જણાવ્યા મુજબ જીરુનો પાક માવઠા અને ભેજવાળા હવામાન પ્રત્યે સંવેદનશીલ હોવાથી તેમાં રોગ આવી શકે છે. કમોસમિ વરસાદથી થતા પાકને નુકશાનીથી બચવા માટે ખેડૂતોના ખેડૂત ઉત્પાદિત પાક ખેતરમાં કાપણી કરી દીધી હોય તો તેને તાત્કાલિક સલામત સ્થળે ખસેડવા તેમજ પ્લાસ્ટિકની તાડપત્રીથી ઢાંકવા માટે સૂચના આપવામાં આવી છે.

## સાવરકુંડલા શહેરની વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટની પક્ષી બચાવો અભિયાન સંદર્ભે સમગ્ર રાજ્યમાં તેની આ સેવા પ્રવૃત્તિની નોંધ લઈને અમરેલી જિલ્લા કલેકટર દ્વારા જાહેર સન્માન સાથે પ્રમાણપત્ર આપી ગૌરવાન્વિત કરવામાં આવેલ


કરૂણા અભિયાન -૨૦૨૩
પ્રશસ્તિ પત્ર
શ્રી/શ્રીમતિ સતીષભાઈ પાંડે, વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ, સાવરકુંડલા
દર વર્ષે ઉત્તરાયણ દરમિયાન ૧૦મી જાન્યુઆરીથી ૨૦મી જાન્યુઆરી સુધી પતંગની દોરીથી પક્ષીઓને બચાવવા તથા ઘાયલ પક્ષીઓને સારવાર આપવા માટે "કરૂણા અભિયાન" ઉજવાય છે. કરૂણા અભિયાન રાજ્ય સરકારનો જીવદયા પ્રત્યે શ્રેષ્ઠ અભિગમ દર્શાવતો એક આગવો કાર્યક્રમ છે.
કરૂણા અભિયાન -૨૦૨૩ માં આપના તરફથી અમરેલી જિલ્લામાં સારવાર કેન્દ્ર સંચાલનમાં ઉત્તમ સહયોગ પ્રાપ્ત થયેલ છે. પરિણામે રાજ્યમાં ઉત્તરાયણ દરમિયાન પક્ષીઓને બચાવવામાં આપણે સફળ રહ્યા છીએ. કરૂણા અભિયાન -૨૦૨૩ માં આપના તરફથી મળેલ સહયોગ અને સેવાને બિરદાવીએ છીએ.
શુભકામનાઓ
"આવો આપણે સૌ સાથે મળીને અબોલ પક્ષીઓના જીવને બચાવીએ"
મુકેશભાઈ પટેલ, મંત્રી (રાજ્યકક્ષા), વન, પર્યાવરણ તથા ક્લાઈમેટ ચેન્જ
મુળુભાઈ બેરા, મંત્રી, વન, પર્યાવરણ તથા ક્લાઈમેટ ચેન્જ

અંતે વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટની પક્ષી બચાવો અભિયાન સંદર્ભે કરેલી અથાગ મહેનત રંગ લાવી ખરી. રાજ્ય મંત્રી વન પર્યાવરણ તથા ક્લાઈમેટ ચેન્જ દ્વારા સમગ્ર રાજ્યમાં તા. ૧૦ જાન્યુઆરી થી ૨૦ જાન્યુઆરી સુધી પક્ષી બચાવો ઝુંબેશ માટે કરુણા અભિયાન હાથ ધરવામાં આવેલ. આ સંદર્ભે વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ સાવરકુંડલાની સમગ્ર ટીમ ટ્રસ્ટના પ્રમુખ સતીષ પાંડેનાં માર્ગદર્શન હેઠળ પતંગની દોરીથી ઘાયલ થયેલ અનેક પક્ષીઓને બચાવી તેને સારવાર અપાવી અને આમ સમગ્ર રાજ્યમાં કરુણા અભિયાન દરમિયાન કુલ ૧૩૬૬૬ થી વધુ પક્ષીઓને સારવાર આપી બચાવી શકયા. આ સંદર્ભે વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ સાવરકુંડલાની આ પક્ષી બચાવો ઝુંબેશની તંત્ર દ્વારા નોંધ લેવામાં આવી અને સમગ્ર રાજ્યમાં અનેક સંસ્થાઓ પૈકી આ સંસ્થાની પ્રવૃત્તિને રાજય મંત્રી વન પર્યાવરણ તથા ક્લાઈમેટ ચેન્જ દ્વારા અમરેલી કલેકટર દ્વારા કોવિડ ગાઈડલાઈનનાં નિયમોનું પાલન કરીને જાહેર સન્માન કરવામાં આવેલ.

આ સમાચાર સાંભળીને સમગ્ર વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટનાં સભ્યોમાં ખુશીની લહેર પ્રસરી જવા પામી હતી. આમ પર્યાવરણ અને જીવદયા ક્ષેત્રે સાવરકુંડલા શહેરનું આ વન પ્રકૃતિ ચેરિટેબલ ટ્રસ્ટને ગૌરવાન્વિત કરેલ છે.

# વડતાલમાં ૧૯૭મી શિક્ષાપત્રી જયંતિની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

વડતાલ:અક્ષરધામ તુલ્ય વડતાલધામમાં ૨૬મી જાન્યુઆરીને ગુરૂવારના રોજ વસંતોત્સવ સાથે ૧૯૭ મી શિક્ષાપત્રી જયંતિની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી, સાથે સાથે હરિ મંડપના પાછળના ભાગે યોજાયેલ શિક્ષાપત્રી યજ્ઞનો પૂ.લાલજી મહારાજ તથા કોઠારી ડૉ. સંત સ્વામીએ પ્રારંભ કરાવ્યો હતો. વડતાલ મંદિરના પટાંગણમાં પૂ.લાલજી મહારાજ તથા કોઠારી ડૉ. સંત સ્વામીએ ધ્વજવંદન કરી પ્રજાસત્તાક દિનની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી હતી.શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઋતુરાજ વસંત અર્થાત વસંત પંચમીનો મોટો મહિમા રહ્યો છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે સંવત ૧૮૮૨ના મહાસુદી પંચમી (વસંત પંચમી)ના દિવસે સ્વહસ્તે પોતાની વાણીરૂપ શિક્ષાપત્રી વડતાલ હરિમંડપમાં સર્વજીવ હિતાવહ સર્વજીવોના કલ્યાણ અર્થે રચના કરી હતી. શિક્ષાપત્રી સંપ્રદાયની આચાર સંહિતા છે. જેમાં શ્રીહરિએ સર્વે સત્સંગી, આચાર્યના અને આચાર્ય પત્નીના વિશેષ ધર્મ, ગૃહસ્થ, રાજા, સધવા સ્ત્રી, વિધવા સ્ત્રી, બ્રહ્મચારીના, સાધુના વિશેષ ધર્મ કહ્યા છે. શિક્ષાપત્રી એ શ્રીહરિનું વાંગ્મય સ્વરૂપ છે.ગુરૂવારે સવારે પ્રજાસત્તક દિને સવારે ૮ વાગે મંદિરના પટાંગણમાં પૂ.લાલજી મહારાજ તથા મંદિરના કોઠારી ડિ.સંત સ્વામીએ ધ્વજ વંદન કર્યુ હતું. આ પ્રસંગે સંતો-પાર્ષદો, સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓ તથા મોટી સંખ્યામાં સત્સંગીઓ ઉપસ્થિત રહ્યા હતા. દરમ્યાન ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે પોતાના આશ્રિતો માટે હરિમંડપમાં લખેલ શિક્ષાપત્રીની, ઠાકોરજીની વાજતે ગાજતે પાલખીયાત્રા નીકળી હતી. જે મંદિરની પ્રદક્ષિણા કરી સભામંડપમાં લાવવામાં આવી હતી. જ્યાં સંતો તથા અ.નિ.દિલીપભાઈ રામભાઈ પટેલ હસ્તે અમીતભાઈ દિલીપભાઈ પટેલ, મહેન્દ્રભાઈ કનુભાઈ પટેલ, હંસરાજ મહેન્દ્રભાઈ પટેલે પૂજન અને આરતી ઉતારવામાં આવી હતી. શાસ્ત્રી રઘુનંદનદાસજીની શિક્ષાપત્રી કથા યોજાઈ હતી. આ પ્રસંગે સભામંડપમાં ઉપસ્થિત સત્સંગીઓએ શિક્ષાપત્રી વાંચનનો લાભ લીધો હતો. જેમાં શિક્ષણવિદ્ શ્રી.બળવંતભાઈ જાની તથા બોરસદ શાળાના ૪૦ થી વધુ વિદ્યાર્થીઓ જોડાયા હતા. પૂ.લાલજી મહારાજ, ડૉ.સંતસ્વામી, પૂ.નૌતમ સ્વામીજી અને ચેરમેન દેવપ્રકાશ સ્વામીએ પ્રાસંગીક ઉદબોધન કર્યું હતું.




નીજ મંદિરમાં પૂ.લાલજી મહારાજે વસંત અને શિક્ષાપત્રીનું પૂજન કર્યું હતું.

હરિમંડપના પાછળના ભાગે નિવૃત હાઈકોર્ટ જજ અશોકભાઈ દવેના યજમાનપદે શિક્ષાપત્રી યજ્ઞ યોજાયો હતો. આ ઉપરાંત સદગુરુ બ્રહ્માનંદ સ્વામીની ૨૫૧ મી જન્મજયંતિ તથા સદગુરુ નિષ્કુળાનંદ સ્વામીની ૨૫૭ મી જન્મજયંતિ હોય પૂ.દેવપ્રકાશ સ્વામી, પૂ.નૌતમ સ્વામી વિગેરે અગ્રણી સંતો ધ્વારા ભાવપૂજન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પૂ.શ્યામવલ્લભ સ્વામીએ કર્યું હતું.

# દેલમાલ પ્રાથમિક શાળામાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી



રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

ચાણસ્મા તાલુકાના દેલમાલ ખાતે આવેલ પ્રાથમિક શાળાની અંદર આજરોજ પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં ગ્રામજનો તેમજ શિક્ષક ગણ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.પ્રાપ્ત વિગતો અનુસાર આજરોજ તારીખ ૨૬ ૧ ૨૦૨૩ એટલે કે ભારત દેશના ૭૪મો પ્રજાસત્તાક દિવસ હોય સમગ્ર ભારત દેશની અંદર ભારતનો રાષ્ટ્રધ્વજ ફરકાવી હર્ષાલ્લાસ સાથે ઉજવવામાં આવતો હોય છે ત્યારે આજરોજ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના દેલમાલ ખાતે આવેલ પ્રાથમિક શાળાની અંદર ધોરણ ૧ થી ૮ ના બાળકો તેમજ શિક્ષક ગણ તેમજ ગ્રામજનોએ મોટી સંખ્યામાં હાજરી આપી ધામધૂમ પૂર્વક ઉજવણી કરી હતી આ પ્રસંગે શાળાની અંદર બાળકો દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવી સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે આજરોજ દિલ્હીના તાલકટોરા સ્ટેડીયમમાં પરીક્ષા પે ચર્ચા કાર્યક્રમ યોજી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો અંદાજે ૨ કલાક સુધી ચાલેલા કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે વિધાર્થીઓને પરીક્ષા અને જીવન માં તણાવ અંગેના સવાલો સહીત વિધાર્થીઓને મુંજવતા સવાલોના જવાબ આપી મનોબળ વધાર્યું. આ કાર્યક્રમને પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે પી એચ બચકાની વાલા હાઇસ્કુલ ખરવરનગર સુરત ખાતે નિહાળ્યો હતો.આ કાર્યક્રમમાં સુરત શહેરના પ્રમુખશ્રી નિરંજનભાઈ ઝાઝમેરા ,સુરત શહેર ખજાનચી શ્રી શૈલેષભાઈ જરીવાલા, કોર્પોરેટર શ્રી નાગરભાઈ પટેલ, વોર્ડના અધ્યક્ષ શ્રી, મહામંત્રી શ્રી ઉપસ્થિત રહ્યા હતા.

### મીઠીબાઇ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા અનોખો સેવાયજ્ઞ

## પ્રજાસત્તાક દિને મીઠીબાઇ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા અનોખો સેવાયજ્ઞ

પાર્લાની મીઠીબાઈ કોલેજના એન એસ એસ ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા દહાણુ નજીકનાં પછાત અને આદિવાસી વિસ્તારમાં શૈક્ષણિક ક્ષેત્રે અભૂતપૂર્વ કાર્યો થયા છે.તાજેતરમાં સરાવલીના પાથેરપાડા ગામમાં નાના બાળકો માટે બાલવાડીનું ભૂમીપુજન કરવામાં આવ્યું અને તે નિમિત્તે બાળકોને શૈક્ષણિક સામગ્રી

વહેંચવામાં આવી.

પાટીલપાડા ગામમાં

દસ ધોરણ સુધીની શાળાના બાળકોને રમત ગમત રમાડી ધ્વજવંદન બાદ ઈનામો વહેંચવામાં આવ્યા અને ત્યારબાદ ભોજન પણ આપવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન સંસ્થાના ટ્રસ્ટી શ્રી હરેશભાઇ શાહ દ્વારા કરવામાં આવ્યું હતુ.

ભૂમીપુજનમા સી એ શૈલેષભાઇ બંડી અને દેવેશભાઈ ગડા સહકુટુંબ હાજર રહ્યા હતાં. વિલીનભાઈ ચિતલિયાએ બાળકોને પ્રોત્સાહન આપ્યું હતું અને પાથરપાડાના શિક્ષિકા કૃપાબેન માજીએ સાથે રહીને વ્યવસ્થા સંભાળવામાં મદદ કરી હતી.

યુવાનોની આવી નેત્ર દિપક કામગીરીથી ત્યાંની આદિવાસી પ્રજા ખૂબ પ્રસન્ન થઈ હતી.

## મહુવા તાલુકાની પ્રગતિ અને વિકાસ માટેની શિક્ષણ ક્ષેત્રે વિશિષ્ટ કામગીરી બદલ કુંભણ શાળાના ઇનોવેટીવ શિક્ષક દંપતી શીતલબેન ભટ્ટી અને રમેશભાઈ બારડનું તાલુકા વહીવટી તંત્ર દ્વારા સન્માન કરવામાં આવ્યું

મહુવા ,

મહુવા તાલુકાની કુંભણ કેન્દ્રવર્તી શાળામાં ઈનોવેટિવ શિક્ષક દંપતિ તરીકે ફરજ બજાવતા રમેશભાઈ બારડ અને શીતલબેન ભટ્ટીનું મહુવા તાલુકા વહીવટી તંત્ર દ્વારા વાઘનગર ખાતે તાલુકાના ગણતંત્ર દિવસની ઉજવણી પ્રસંગે સન્માન કરવામાં આવ્યું. ઈનોવેટીવ શિક્ષક દંપતિ રમેશભાઈ બારડ અને શિતલબેન ભટ્ટી મોન્ટેસરી શિક્ષણ અને ગિજુભાઈ બધેકાના શ્રેષ્ઠતમ વિચારોને વર્તમાન સમય સાથે અનુબંધ કરીને રમકડાં દ્વારા શિક્ષણ આપી રહ્યા છે. તેઓ બે વર્ષથી જિલ્લા કક્ષાના ઈનોવેશન ફેસ્ટિવલમાં પોતાના શિક્ષણના નાવિન્યપૂર્ણ પ્રયોગો પ્રદર્શિત કરે છે. રમેશભાઈ બારડ જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા છે અને બેનશ્રી શિતલબેન ભટ્ટી તાલુકા શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા છે.



પોતાના જીવન મૂલ્યો સાથે બાળકોને સમર્પિત કામગીરી માટે રાજયકક્ષાનો 'અતુલ્ય વારસો' એવોર્ડ પ્રાપ્ત થયેલ છે. રમેશભાઈ બારડ ગ્રામ દક્ષિણા મૂર્તિ લોકશાળા આંબલા સંસ્થા અને લોકભારતી સણોસરાના પૂર્વ વિદ્યાર્થી છે. ઉત્તર બુનિયાદી કેળવણી સાથે સંકળાયેલ ગુરુજનો પ્રવીણભાઈ ઠક્કર, અરુણભાઈ દવે, સતિષભાઈ પટેલ, દિનેશભાઈ ભટ્ટ, દેવદાસભાઈ ગોહિલ, હસિતભાઈ મહેતા, શ્રીધરભાઈ ગજ્જર, હસમુખભાઈ સુથાર, મનસુખભાઈ સલ્લા, ડાયાભાઈ સિંધવ, ભાવનાબેન પાઠક, રેખાબેન વ્યાસ, આંબલા સંસ્થાના લાલજીભાઈ નાકરાણી, અનિલભાઈ ભટ્ટ, રઘુભાઈ પટેલ, અશોકભાઈ ડાભી, બાબુભાઇ બગડા, ભાનુભાઈ ભટ્ટ, દેવેન્દ્રભાઈ ભટ્ટ, પ્રાગજીભાઈ સાચાણી, દીપકભાઈ પંડ્યા, નરેન્દ્રભાઈ ગોહિલ, પાસેથી જીવન જીવવાના મૂલ્યો અને કેળવણી પ્રાપ્ત કરેલ છે અને ગાંધી વિચારની બુનિયાદી કેળવણીમાં અખૂટ શ્રદ્ધા ધરાવે છે.

## અમદાવાદમાં આઈબી ઓફિસરે સોપારી આપી પત્નીની હત્યા કરાવતા ચકચાર

અમદાવાદ,તા.૨૭

અમદાવાદના વેજલપુરમાં આવેલા શ્રીનંદનગર વિભાગ ૧માં રહેતી ૪૭ વર્ષીય મહિલાના મોતને ૬ મહિના બાદ વેજલપુર પોલીસે મૃતક મહિલાના પતિ અને આઈબી ઓફિસરની ધરપકડ કરી છે. આરોપીને કોર્ટમાં રજૂ કરી પોલીસે વધુ તપાસ માટે ૧૪ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પોતાના ઘરે એકલા રહેતા ૪૭ વર્ષીય મનીષા દુધેલાની તિક્ષણ હથિયાર વડે હત્યા કરાઈ હતી. જેને લઇ મૃતકની માતાએ ૨૨ જુલાઈ ૨૦૨૨ નાં રોજ ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે કલમ ૩૦૨ હેઠળ ગુનો નોંધ્યો હતો અને તપાસ હાથ ધરતા તેલંગાણા ખાતેથી આરોપી ખલિલુદ્દીનને ઝડપ્યો હતો. જેની પૂછપરછ કરવામાં આવતા હૈદરાબાદના અન્ય એક આરોપીનું નામ પણ સામે આવ્યું હતું. આરોપીઓની પૂછપરછ બાદ મૃતકના પતિ અને ભોપાલ ખાતે સેન્ટ્રલ આઈબીમાં ડેપ્યુટી ઈન્ટેલિજન્સ ઓફિસર તરીકે ફરજ બજાવતા રાધાકૃષ્ણ મધુકર દુધેલાનું મુખ્ય સૂત્રધાર તરીકે નામ ખૂલ્યું હતું. આ કેસમાં રાધાકૃષ્ણ મધુકર દુધેલા પોતે ફરાર હતો.મૃતકના પતિ રાધાકૃષ્ણ મધુકર દુધેલાની વાત કરીએ તો તેના મૃતક મનીષાબેન સાથે ત્રીજા લગ્ન હતા. બંનેએ ઓનલાઇન વેબસાઈટનાં માધ્યમથી લગ્ન વર્ષ ૨૦૧૪માં કર્યા હતા અને હૈદરાબાદમાં સ્થાયી થયા હતા પંરતુ એક વર્ષ બાદ બંને વચ્ચે મનભેદ થતા મનીષાબેન અમદાવાદ પરત ફર્યા હતા. લગ્નજીવન અંગે બંને વચ્ચે કોર્ટ કેસ થયો હતો.

## રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ બોટાદ ખાતે યોજાયેલા ૭૪મા પ્રજાસત્તાક પર્વના રાજયકક્ષાના મહોત્સવમાં રાષ્ટ્રધ્વજ ફરકાવી સલામી આપી

બોટાદ,તા.૨૭

બોટાદ ખાતે ૭૪મા પ્રજાસત્તાક પર્વની રાજયકક્ષાની ઉજવણી નિમિત્તે રાજયપાલશ્રી આચાર્યદેવવ્રતજીએ રાષ્ટ્રધ્વજ ફરકાવીને સલામી આપી હતી. વાયુદળના હેલિકોપ્ટર દ્વારા ધ્વજવંદન સમયે પુષ્પવર્ષા કરીને તિરંગાને વિશેષ સન્માન આપવામાં આવ્યું હતું. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે પરેડ નિરીક્ષણ કર્યુ હતું. ૨૮ વિવિધ પ્લાટુનના જવાનોએ શિસ્તબદ્ધ પરેડ દ્વારા તિરંગાને સલામી આપીને ઉપસ્થિત સૌને દેશભક્તિના રંગે રંગ્યા હતા. આ પ્રસંગે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની વિશેષ પહેલ અંતર્ગત મધ્યપ્રદેશની પોલીસ પ્લાટૂને પરેડમાં ભાગ લઈને રાષ્ટ્રીય એકતાના સંદેશને ઉજાગર કર્યો હતો.

આ પાવન અવસરે પરેડ દરમિયાન ભારતીય કોસ્ટ ગાર્ડ, ગુજરાત મરીન કમાન્ડો, ચેતક કમાન્ડોઝ, બોટાદ જિલ્લા પોલીસ પ્લાટુન, ભાવનગર જિલ્લા પોલીસ પ્લાટુન, રાજકોટ જિલ્લા મહિલા પોલીસ પ્લાટુન, ગુજરાત જેલ પુરુષ પ્લાટુન, શ્વાનદળ, અશ્વદળ, બેન્ડદળ સહિત ૨૮ પ્લાટુનોમાં ૯૨૦ જેટલાં સુરક્ષા દળના જવાનો સહભાગી બન્યા હતા.

આ ઉપરાંત ચેતક કમાન્ડોના બુલેટ પ્રૂફ વાહનોનું નિદર્શન, દિલધડક મોટર સાઈકલ સ્ટંટ શો તેમજ રાજયના ગૌરવવંતા શ્વાનદળ તેમજ અશ્વદળ એ વિવિધ સ્ટંટસ સાથે કૌવત અને કૌશલ્ય દેખાડ્યું હતું.

# પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરીને , પર્યાવરણની રક્ષા તરફ એક પગલું ભરીએ

## પર્યાવરણ બચશે તો જ આપણે બચશું

રોજિંદા જીવનમાં પ્લાસ્ટિકના ઉપયોગના અનેક ગેરફાયદા છે. સૌથી વધુ તેની પર્યાવરણીય અસર છે. પ્લાસ્ટિક બાયોડિગ્રેડ કરતું નથી, એટલે કે તે સેંકડો વર્ષો સુધી પર્યાવરણમાં રહી શકે છે. તેનો અર્થ એ છે કે અત્યાર સુધી બનેલા પ્લાસ્ટિકના દરેક ટુકડા હજુ પણ અસ્તિત્વમાં છે, અને તેમાંથી મોટાભાગનો આપણા મહાસાગરો, નદીઓ અને તળાવોમાં છે. પ્લાસ્ટિક પ્રદૂષણની વન્યજીવન પર મોટી અસર પડે છે, કારણ કે પ્રાણીઓ પ્લાસ્ટિક ખાઈ છે જે તેમના પેટમાંથી કાઢવા માટે ઓપરેશન કરવું પડે છે , જેનાથી તેમને નુકસાન થઈ શકે છે અને મૃત્યુ પણ થઈ શકે છે. વધુમાં, પ્લાસ્ટિકનું ઉત્પાદન આબોહવા પરિવર્તન અને વાયુ પ્રદૂષણમાં ફાળો આપે છે. પ્લાસ્ટિક માનવ સ્વાસ્થ્ય માટે પણ જોખમી છે, કારણ કે પ્લાસ્ટિકના ઉત્પાદનમાં વપરાતા કેટલાક રસાયણો ઝેરી હોઈ શકે છે અને તે પ્લાસ્ટિકના કન્ટેનરમાં સંગ્રહિત ખોરાક અથવા પીણાંમાં ભળી શકે છે. આટલા ગેરફાયદાઓ અંગે જાણકારી હોવા



છતાં પ્લાસ્ટિકનો ઉપયોગ આપણે કરતાં આવીએ છીએ. લંચ બોક્સથી લઈને પાણીની બોટલ, પ્લાસ્ટિકનું બનેલું હોય છે. તેમાં પાણી અથવા નાસ્તો ભરી રાખવાથી તેના કણો વસ્તુમાં ભળે છે અને આપણે તેનો ઉપયોગ કરીએ છીએ એટલે આપણા પેટમાં જાય છે. પ્લાસ્ટિક વપરાશના અન્ય વિકલ્પો પણ છે જેનો આપણે રોજિંદા જીવનમાં ઉપયોગ કરી શકીએ છીએ ! જેમાંના કેટલાક વિકલ્પો, સ્ટેનલેસ સ્ટીલ અને કાગળ છે. સ્ટેનલેસ સ્ટીલ ખોરાકના સંગ્રહ માટે ઉત્તમ છે, તેમજ સ્ટેનલેસ સ્ટીલથી બનેલી પાણીની બોટલમાં પાણી અથવા અન્ય કોઈ લિક્વિડમાં સ્મેલ કે મેટલનો ટેસ્ટ આવતો નથી. કાગળથી બનેલા ગ્લાસ અને ડીશને 'વન ટાઈમ યુઝ' તરીકે ઉપયોગી લઈ શકાઈ છે, કરિયાણાની બેગ અને ગિફ્ટ રેપ જેવી વસ્તુઓ માટે પ્લાસ્ટિકનાં બદલે કાગળ એ એક ઉત્તમ ઈકો-ફ્રેન્ડલી વિકલ્પ છે. પહેલાનાં સમયમાં માટીનાં વાસણો અને પાણી ભરવા માટે માટીનાં ગોળાનો ઉપયોગ થતો હતો. હવે જયારે પ્લાસ્ટિક પર મહદ અંશે પ્રતિબંધ છે ત્યારે ફરીથી માટી અને તાંબા તરફ લોકો વળી રહ્યા છે. બજારમાં આજે તાંબા અને માટીની બોટલ પણ ઉપલબ્ધ થવા લાગી છે અને તેને ખરીદવાનો ક્રેઝ પણ વધી રહ્યો છે. રોજિંદા જીવનમાં તાંબું અને માટીની બોટલના ઉપયોગના ઘણા ફાયદા છે. તાંબું તેના એન્ટીબેક્ટેરિયલ અને એસિડિટી વિરોધી ગુણધર્મો માટે જાણીતું છે જે બોટલમાં સંગ્રહિત પાણીને જંતુરહિત રાખવામાં મદદ કરે છે. વધુમાં, તાંબુ પાણીમાં પીએચ સ્તરને સંતુલિત કરવામાં મદદ કરે છે, તેને ઓછું એસિડિક અને વધુ આલ્કલાઈન બનાવે છે જે એકંદરે આરોગ્ય માટે ફાઈદાકારક છે. માટીમાંથી બનાવવામાં આવતી બોટલ કુદરતી રીતે ઠંડક આપે છે, તે પીણાંને લાંબા સમય સુધી ઠંડુ રાખવા માટે આદર્શ છે. તે પાણીમાંથી અશુદ્ધિઓને ફિલ્ટર કરવાની તેમની ક્ષમતા માટે પણ જાણીતા છે, જે પાણીને વપરાશ માટે સુરક્ષિત બનાવે છે. વધુમાં, માટીની બોટલો પર્યાવરણ માટે અનુકૂળ અને ટકાઉ છે. તે પર્યાવરણ માટે હાનિકારક નથી.

રોજિંદા જીવનમાં પ્લાસ્ટિકનો ઉપયોગ આ રીતે ઘટાડી શકાય :

૧. ખરીદી કરતી વખતે કાપડની બેગ સાથે રાખો.

૨. કોપર અથવા માટી કે સ્ટીલની પાણીની બોટલમાં રોકાણ કરો. સિંગલ-યુઝ પ્લાસ્ટિકની પાણીની બોટલો ખરીદવાને બદલે, ફરીથી વાપરી શકાય તેવી બોટલમાં રોકાણ કરો અને તેને દિવસભર રિફિલ કરો.

૩. સ્ટ્રોનો ઉપયોગ ન કરો અથવા સ્ટીલની સ્ટ્રો ખરીદી લો, જે એક કરતાં વધુ વાર વાપરી શકાય.

૪. પ્લાસ્ટિકને બદલે ગ્લાસ અથવા એલ્યુમિનિયમ પેકેજિંગ પસંદ કરો.

૫. તમે ઉપયોગ કરો છો તે કોઈપણ પ્લાસ્ટિકની વસ્તુઓને રિસાયકલ કરવાની અને અન્ય હેતુઓ માટે કન્ટેનરનો ફરીથી ઉપયોગ કરવાનું વિચારો.

આ ટીપ્સનો અમલ કરીને, આપણે પ્લાસ્ટિકના ઉપયોગને નોંધપાત્ર રીતે ઘટાડી આપણા પર્યાવરણને સુરક્ષિત કરવામાં મદદ કરી શકીએ છીએ.

- પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરીને , પર્યાવરણની રક્ષા તરફ એક પગલું ભરીએ

- પર્યાવરણ બચશે તો જ આપણે બચશું.

- મિતલ ખેતાણી (મો. ૯૮૨૪૨૨૧૯૯૯)

# ખારીઘારીયાલ ગામે શ્રી પીઠાઈ માતાજીનો ચોથો પાટોત્સવ ઉજવાયો

રિપોર્ટ નિખિલ જોશી પાટણ બ્યુરો

પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના ખારીઘારીયાલ ગામે લેઉવા પાટીદારના વોરા પરિવારની કુળદેવી તેમજ ગામની પાદર દેવી શ્રીપીઠાઈ માતાજીનો ચોથો પાટોત્સવ મહા સુદ- ૫ (વસંત પંચમી) ને ગુરૂવાર તા.૨૬/૧/૨૦૨૩ ના રોજ ઉજવાયો હતો. જેમાં મુખ્ય યજમાન પદે પટેલ ડાયાભાઈ કાશીદાસ ખારીઘારીયાલ વાળા રહ્યા હતા. જયારે આચાર્ય પદે જયેશભાઈ વ્યાસ વાઘેલવાળા એ યજ્ઞનો પ્રારંભ શાસ્ત્રોકત વિધિ વિધાન પૂર્વક મંત્રોચ્ચારથી કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છે કે ગઢ, મડાણા, સુંઢા,દલવાડા, મેસર, હારીજ, ખારીઘારીયાલ સહિત તમામ લેઉવા પાટીદારના વોરા પરિવારો તેમજ બ્રાહ્મણ વ્યાસ,શુકલ ના પરીવારો,નાઈ ના પરીવારો,



ગ્રામજનો સહિત શ્રી પીઠાઈ માતાજીના પાટોત્સવમાં પધારી શક્તિ ભક્તિમાં લીન થયા હતા. જયારે ભોજન ના દાતા પટેલ મફતલાલ આશીદાસ રહ્યા હતા. તેમજ તમામ દાતાશ્રીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ આવતા વર્ષના પાંચમા પાટોત્સવની ઉસવણી કરવામાં આવી હતી.

જેમાં મુખ્ય યજમાન પટેલ અનિલભાઈ કામરાજભાઈ દલવાડા વાળા, તેમજ ભોજનના દાતાશ્રી વોરા પરિવારો હારીજ અને ચા - નાસ્તા ના દાતાશ્રી ૨૦૨૩ થી ૨૦૨૮ સુધીના પટેલ રમેશભાઈ ઈશ્વરદાસ ખારીઘારીયાલ વાળા હાલ અમદાવાદની નોંધણી કરવામાં આવી. દરેક કુંવાસીઓને લાણીની ભેટ આપવામાં આવી હતી. યજ્ઞની પૂર્ણાહુતિ બાદ શ્રીફળ હોમાયા બાદ તેમજ આરતી કર્યા પછી કરવામાં આવી હતી. ત્યારબાદ માઈભક્તોએ એકી સાથે બેસીને ભોજન પ્રસાદ લીધી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.